# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળની જા.ક્ર. **(1)** ૧૫૬/૨૦૧૮૧૯- આસીસ્ટન્ટ ફાર્માસીસ્ટ (આયુર્વેદ), **(2)** જા.ક્ર. ૧૬૨/૨૦૧૮૧૯- આસીસ્ટન્ટ બાઇન્ડર, **(3)** જા.ક્ર. ૧૬૩/૨૦૧૮૧૯- આસીસ્ટન્ટ મશીનમેન, **(4)** જા.ક્ર. ૧૬૫/૨૦૧૮૧૯- સબ ઓવરશીયર, વર્ગ-૩ સંવર્ગોની પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ તા. ૨૨/૧૨/૨૦૨૦ ના રોજ યોજવામાં આવેલ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ- એમ બંને કસોટીઓમાં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી/ પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટે બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોની જાહેરાત - સંવર્ગવાર વિગતો - યાદી તા. ૧૯/03/૨૦૨૧ ના રોજ મંડળની વેબ સાઇટ પર મૂકવામાં આવેલ હતી. અને પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે તે પ્રમાણે જણાવવામાં આવેલ હતું. જે સંદર્ભે ઉકત સંવર્ગોના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેનો કાર્યક્રમ અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સંબંધેની ઉમેદવારો માટેની સુચનાઓ નીચે દર્શાવ્યા મુજબ છે. જે ધ્યાને લેવાની રહેશે.

અનિવાર્ય કારણોસર મંડળ આ કાર્યક્રમમાં ફેરફાર કરી શકશે.

## પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

**સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગર**

| અ. નં. | જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | **જા.ક્ર. ૧૫૬/૨૦૧૮૧૯, આસીસ્ટન્ટ ફાર્માસીસ્ટ (આયુર્વેદ)** | **૨૨/૦૬/૨૦૨૧** | **સવારે ૧૦–૦૦ કલાકે** | **ક્રમ ૧ થી ૫** |
| ૨ | **જા.ક્ર. ૧૬૨/૨૦૧૮૧૯, આસીસ્ટન્ટ બાઇન્ડર** | **૨૨/૦૬/૨૦૨૧** | **સવારે ૧૦–૦૦ કલાકે** | **ક્રમ ૧ થી ૧૧** |
| ૩ | **જા.ક્ર. ૧૬૫/૨૦૧૮૧૯, સબ ઓવરશીયર** | **૨૨/૦૬/૨૦૨૧** | **સવારે ૧૦–૦૦ કલાકે** | **ક્રમ ૧ થી ૧૦** |
| ૪ | **જા.ક્ર. ૧૬૩/૨૦૧૮૧૯, આસીસ્ટન્ટ મશીનમેન** | **૨૨/૦૬/૨૦૨૧** | **બપોરે ૧૪–૦૦ કલાકે** | **ક્રમ ૧ થી ૨૭** |

## <u>સૂચનાઓઃ–</u>

(૧) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. તે માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી પોસ્ટ મારફત રવાના કરવામાં આવી રહેલ છે. ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે-બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

(૧) મંડળ તરફથી મળેલ પત્ર.
૨ - પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રુફ

(૨) જન્મ તારીખના પુરાવા માટેઃ- શાળા છોડયાનો દાખલો
- ધોરણ - ૧૦ અને ૧૨ ની માર્કશીટ અને પ્રમાણપત્ર જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૩) અનામત વર્ગના ઉમેદવારોએ જાતિ અંગેનો દાખલો.

(૪) **S.E.B.C**. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર તેમજ તા. ૦૧/૦૪/૨૦૧૭ થી તા. ૨૪/૦૮/૨૦૧૯ દરમ્યાન ઇસ્યૂ થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૬-૨૦૧૭, ૨૦૧૭-૨૦૧૮, ૨૦૧૮-૨૦૧૯ નું નોન- ક્રિમિલેયર પ્રમાણપત્ર.

(૫) આર્થિક રીતે નબળા (**EWS**) વર્ગના ઉમેદવારોએ તા. ૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૨૪/૦૮/૨૦૧૯ દરમ્યાન ઇસ્યૂ થયેલ આર્થિક રીતે નબળા (**EWS**) વર્ગનું પાત્રતા પ્રમાણપત્ર

(૬) શૈક્ષણિક લાયકાતમાં જે તે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતના છેલ્લા વર્ષ/ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર/

(i) જે જાહેરાત-સંવર્ગોમાં શૈક્ષણિક લાયકાત સાથે અનુભવ માંગેલ હોય તો તે જાહેરાત-સંવર્ગોના ઉમેદવારોએ સંબંધિત સત્તાધિકારીનું ઓથોરાઇઝ સ્ટેમ્પ સાથેનું અનુભવનું પ્રમાણપત્ર તેમજ એપોઇન્ટમેન્ટ લેટર, સેલેરી સ્લીપ, બેન્ક સ્ટેટમેન્ટ પણ લાવવાનું રહેશે.

(ii) અનુભવનું પ્રમાણપત્ર આપનાર સત્તાધિકારી અને ઉમેદવારે ખરેખર કામગીરી કરેલ હોય તે સત્તાધિકારી જુદા જુદા હોય તો બંને સત્તાધિકારીઓ વચ્ચે થયેલ કરાર/વર્ક ઓર્ડરની નકલ

(૭) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર

(૮) વધુ અભ્યાસ કર્યો હોય તો છેલ્લા વર્ષનું પ્રમાણપત્ર અને માર્કશીટ.

(૯) માજી. સૈનિક ઉમેદવારોએ ડિસ્ચાર્જ બુક તેમજ અન્ય પુરાવા

(૧૦) **P.H.** ઉમેદવારો માટે **P.H.** તરીકેનું નિયત નમૂનામાં સરકારી સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જનનું પ્રમાણપત્ર

(૧૧) વિધવા સ્ત્રી ઉમેદવારો માટે **પુન: લગ્ન કરેલા ન હોવા** અંગેનું સક્ષમ સત્તાધિકારીનું જરૂરી પ્રમાણપત્ર

(૧૨) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્વારા યોજાતી સ્પર્ધાઓમાં)

એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર (જોડાણ-ગ, નમૂના ફોર્મ-૧, ફોર્મ-૨, ફોર્મ-૩, ફોર્મ-૪, સામેલ છે.)

(૧૩) ઉમેદવારોએ ઉપરોકત સુચનાઓ ઉપરાંત કોવિડ-૧૯ અન્વયેની નીચે મુજબની સૂચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

(૧) દરેક ઉમેદવારોએ મોં પર માસ્ક ફરજીયાત પહેરવાનું રહેશે તેમજ સોશીયલ ડીસ્ટસ્ટીંગ જાળવવાનું રહેશે.

(૨) પ્રમાણપત્રોની ચકાસણી માટે ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોનું તેમજ કર્મચારી/અધિકારીશ્રીઓનું ટેમ્પરેચર, ટેમ્પરેચર ગન દ્વારા માપવાનું ફરજીયાત રહેશે.

(૩) તમામ ઉમેદવારોને હાથ ઉપર સેનેટાઇઝ સ્પ્રે લગાડીને પ્રવેશ આપવામાં આવશે

(૪) ઉમેદવારોને પીવાના પાણીની બોટલ જાતે જ સાથે લાવવી હિતાવહ છે. તેમ છતાં મંડળ દ્વારા પીવાના પાણીની વ્યવસ્થા (ડીસ્પોઝેબલ ગ્લાસ સાથે) કરવામાં આવશે.

(૫) પ્રમાણપત્રોની ચકાસણીના સ્થળે ઉમેદવાર સિવાય તેઓના સગા/સંબંધીઓને પ્રવેશવા દેવામાં આવશે નહી.

(૬) કોવીડ-૧૯ અંતર્ગત કેન્દ્ર/રાજય સરકારશ્રી દ્વારા વખતો વખત બહાર પાડવામા આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

સ્થળઃ ગાંધીનગર

તારીખઃ ૦૮/૦૬/૨૦૨૧

સચિવ

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર